# નિકોદેમસ, ઈસુને ખાનગીમાં કદર કરનાર શિષ્ય
## ફાધર વર્ગીસ પૉલ

નિકોદેમસ પ્રથમવાર ઈસુને મળવા માટે રાતે આવે છે. ઈસુ સાથેના એમના સંવાદમાંથી આપણને નિકોદેમસની નિખાલસતાનો ખ્યાલ આવે છે. તેઓ સત્યના શોધક છે. એક ગુરુજી તરીકે તેઓ ઈસુની કદર કરે છે. 'નિકોદેમસ' નામનો અર્થ ગીક ભાષામાં "લોકો ઉપર જીત મેળવનાર" એવો છે.

બાઇબલના નવા કરારમાં ફક્ત સંત યોહાન જ નિકોદેમસની વાત કરે છે. યોહાનકૃત શુભસંદેશમાં આપણે નિકોદેમસને ત્રણ અલગ પ્રસંગોમાં મળીએ છીએ.

અધ્યાય ત્રણની શરૂઆતમાં નિકોદેમસને યહૂદીઓના આગેવાન તરીકે તેમજ ઈસુને ઈશ્વર તરફથી આવેલા ગુરુ તરીકે સ્વીકારનાર યહૂદી તરીકે શુભસંદેશકાર યોહાન નિકોદેમસનો પરિચય આપે છે.

"ફરોશીઓમાં નિકોદેમસ કરીને એક માણસ હતો; તે યહૂદીઓનો એક આગેવાન હતો. એક દિવસ રાતે ઈસુની પાસે આવીને તે કહેવા લાગ્યો, 'ગુરુજી, અમે જાણીએ છીએ કે તમે ઈશ્વર તરફથી આવેલા ગુરુ છો, કારણ, તમે જે બધા પરચા બતાવો છો તે કોઇ માણસ ઈશ્વરની સહાય વગર બતાવી ન શકે' " (યોહાન ૩, ૧-૨).

ઈસુ સાથેના સંવાદમાં નિકોદેમસના શબ્દો એમના વિશે ઘણું કહી જાય છે. નિકોદેમસ એક ફરોશી છે. એટલે તેઓ યહૂદી લોકોના આગેવાન છે અને તેઓ યહૂદીઓની સત્તાના સર્વોચ્ચ અદાલત (સાનેટ્રિન)ના સભ્ય છે.

ઈસુ સાથેના પ્રથમ મિલનમાં તેઓ ઈસુને 'રાબ્બી' એટલે 'ગુરુજી' કહીને સંબોધે છે. યહૂદી લોકોમાં 'રાબ્બી' એટલે ખૂબ આદરણીય ગુરુજી છે. નવા કરારમાં ઈસુને ઘણી વાર 'ગુરુજી' કહીને સંબોધવામાં આવે છે.

"તમે ઈશ્વર તરફથી આવેલા ગુરુ છો" એમ કહીને નિકોદેમસ જણાવે છે કે તેઓ ઈસુને અગાઉથી બરાબર ઓળખતા હતા. તે રાતે નિકોદેસમ ઈસુને પહેલી વાર ખાનગી રીતે મળ્યા હશે. પરંતુ તેમણે ઈસુ વિશે ઘણું સાંભળ્યું હશે. કદાચ ઈસુને સાંભળવા માટે ભેગા થતા લોકોના ટોળામાં ભળી જઇને ઈસુના મોઢે એમના સંદેશો સાંભળ્યા હશે. ઈસુએ કરેલા ચમત્કારો વિશે સાંભળ્યું હશે કે કદાચ ચમત્કારોના સાક્ષી પણ બન્યા હશે. ઈસુને મળેલા ફરોશીઓ અને શાસ્ત્રીઓની વાત નિકોદેમસના ધ્યાનમાં આવી હશે. ઈસુના દૃષ્ટાંતબોધો પણ એમના ધ્યાનમાં આવ્યા હશે.

ઈસુ વિશેની આવી બધી વાતો અને અનુભવોમાંથી નિકોદેમસે માની લીધું હશે કે ઈસુ ઈશ્વર તરફથી આવેલો ગુરુ છે. એટલે નિકોદેમસ નિખાલસતાથી ઈસુના ઈશ્વર તરફથી આવેલો ઈશ્વરના માણસ તરીકે સ્વીકારે છે.

ઈસુ અને નિકોદેમસ વચ્ચેના એ પ્રથમ મિલનમાં ઈસુ નિકોદેમસને કહે છે, "હું તને સાચેસાચ કહું છું કે, જ્યાં સુધી માણસ નવેસર જન્મ ન લે ત્યાં સુધી તે ઈશ્વરનું રાજ્ય જોવા પામી નહિ શકે" (યોહાન ૩, ૩).

પરંતુ ઈસુના નવેસર જન્મની વાત નિકોદેમસ સમજી શકતા નથી. એટલે તેઓ નમપણે ઈસુને પૂછે છે, "માણસ ઘરડો થયો હોય ત્યારે જન્મ શી રીતે લઇ શકે? તે ફરી વાર પોતાની માના ગર્ભમાં જઈને જન્મ લઇ શકે ખરો?" (યોહાન ૩, ૪).

ઈસુ નિકોદેમસ સાથે "પાણી અને પવિત્ર આત્મામાંથી જન્મ" લેવાની વાત કરે છે. પરંતુ એ વાત પણ નિકોદેમસની સમજણની બહાર છે. એટલે તેઓ ફરી ઈસુને પૂછે છે, 'એવું શી રીતે બને છે?' (યોહાન ૩, ૯). આ વખતે નિકોદેમસના પ્રશ્નથી ઈસુ નવાઇ પામે છે અને નિકોદેમસને પૂછે છે, "ઈસાયલનો ગુરુ થઇને તને આટલી ખબર નથી?" (યોહાન ૩, ૧૦).

પછી ખૂબ ધીરજથી ઈસુ નિકોદેસમને પોતાની વાતનો ખુલાસો કરી સમજાવે છે. ઈસુ સાથેની આ પ્રથમ મુલાકાતથી નિકોદેમસ પર ઊંડી છાપ પડી હશે. એટલે જ યોહાનના શુભસંદેશમાં નિકોદેમસને આપણે બીજી વાર મળીએ છીએ ત્યારે તેઓ ઈસુનો બચાવ કરતા હોય છે.

ઈસુના જાહેર જીવનના અંતે યરુશાલેમના વધુ ને વધુ લોકો ઈસુની કદર કરતા હતા અને એમને વધાવી લેતા હતા. એટલું જ નહિ પણ લોકો ઈસુને "પયગંબર" અને "ખ્રિસ્ત" તરીકે સ્વીકારતા હતા (જુઓ યોહાન ૭, ૪૦ - ૪૧).

તો બીજી બાજુ મુખ્ય પુરોહિતો અને ફરોશીઓ ઈસુની લોકપ્રિયતાથી બેચેન બની જતા હતા. એટલે તેઓ મંદિરના સિપાઈઓને ઈસુને પકડવા મોકલ્યા હતા. પરંતુ સિપાઇઓએ ઈસુને પકડવાની હિંમત ન કરી. ઊલટું, પુરોહિતો અને ફરોશીઓને તેમણે કહ્યું કે, "આ માણસ બોલે છે એવું કોઇ માણસ કદી બોલ્યો નહિ?" (યોહાન ૭, ૪૬).

પણ પુરોહિતો અને ફરોશીઓ ઈસુની નિંદા કરતા હતા અને ઈસુ પર શ્રધ્ધા રાખનાર લોકોને વખોડી કાઢતા હતા. પણ નિકોદેમસે હિંમતથી વચ્ચે પડીને કહ્યું, "શું આપણું શાસ્ત્ર માણસને શું કહેવાનું છે તે સાંભળ્યા પહેલાં જ, અને તે શું કરે છે તે જાણ્યા વગર જ, તેને સજા ફરમાવે છે?" (યોહાન ૭, ૫૧).

નિકોદેમસનો આ પ્રતિભાવ બતાવે છે કે તેઓ એક સિદ્ધાંતવાદી માણસ છે. તેઓ યહૂદી કાયદા અને શાસ્ત્ર મુજબ વર્તવામાં માને છે. તેઓ પોતાના ફરોશી જાતભાઇઓ સમક્ષ ઈસુનો પક્ષ લઇને પોતાની હિંમત બતાવે છે.

યોહાને વર્ણવેલા ઈસુના મૃત્યુ પછીના પ્રસંગમાં આપણે ઈસુ માટેની નિકોદેમસની કદર જોઇ શકીએ છીએ. પોતાના શુભસંદેશમાં નિકોદેમસવાળો ત્રીજો પ્રસંગ યોહાન આ રીતે વર્ણવે છે. ક્રૂસ પર ઈસુના મૃત્યુ પછી ઈસુનો એક ગુપ્ત શિષ્ય આરિમથાઇનો યોસેફ હિંમતથી પિલાત પાસે ઈસુના શબની માગણી કરે છે :

"આ બધું બની ગયા પછી આરિમથાઈનો યોસેફ, જે ઈસુનો શિષ્ય હતો પણ યહૂદીઓની બીકે ગુપ્ત રહેતો હતો, તેણે પિલાત પાસે ઈસુનું શબ ઉતારવાની રજા માગી, અને પિલાતે રજા આપી. એટલે યોસેફ આવીને શબ ઉતારી લીધું" (યોહાન ૧૯, ૩૮).

ઈસુની દફનવિધિમાં આરિમથાઇના યોસેફ સાથે નિકોદેમસ પણ હતા. એટલે યોહાન ઉમેરે છે, "વળી, નિકોદેમસ, જે પહેલાં રાત્રે ઈસુ પાસે આવી ગયો હતો તે પણ આશરે અઢી મણ બોળ અને અગરુનું મિશ્રણ લઇને આવ્યો. પછી તેમણે ઈસુના શબને લઇને યહૂદીઓની દફનવિધિ અનુસાર સુગંધી દ્રવ્યો સાથે શણના કાપડમાં વીંટાળ્યું. ઈસુને જ્યાં ક્રૂસે જડવામાં આવ્યા હતા ત્યાં એક બગીચો હતો અને તેમાં એક નવી જ વણવાપરી કબર હતી; યહૂદીઓનો વિશ્રામવારની તૈયારીનો દિવસ હતો, અને આ કબર પાસે હતી એટલે તેમણે ઈસુને તેમાં દફનાવી દીધા" (યોહાન ૧૯, ૩૯-૪૨).

જ્યારે, ઈસુને પકડીને ક્રૂસે મારી નાખવામાં આવ્યા ત્યારે ઈસુના મોટા ભાગના શિષ્યો ભાગી ગયા ત્યારે નિકોદેમસ હિંમતથી ખુલ્લામાં આવે છે અને ખૂબ પ્રેમથી આરિમથાઈના યોસેફ સાથે એમની સુંદર રીતે દફનવિધિ કરે છે.

નિકોદેમસ વિશે યોહાનકૃત શુભસંદેશમાં મળતા ત્રણ પ્રસંગો સિવાય બાઇબલના નવા કરારમાં અન્ય કોઇ ઉલ્લેખ કે માહિતી નથી. પરંતુ પરંપરાગત માન્યતા મુજબ લોકો માને છે કે ઈસુના પુનરુત્થાન પછી નિકોદેમસ ઈસુના એક વફાદાર અનુયાયી બન્યા હતા. અણીના સમયે બીજા બધા શિષ્યો ભાગી ગયા હતા ત્યારે જાહેરમાં આવીને યહૂદી પરંપરા મુજબ ઈસુની દફનવિધિ ખૂબ સુન્દર રીતે કરવામાં મદદ કરનાર એક વ્યક્તિ તરીકે નિકોદેમસ આપણી કદરને પાત્ર છે.